# આપનું સપ્તાહ કેવું જશે?

તા.૧૫/૦૯/૨૦૨૫ થી તા.૨૧/૦૯/૨૦૨૫ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in


**મેષ (અ,લ,ઈ):** ચાલુ વીકમાં તમારી વ્યવહારકુશળતા અને બૌદ્ધિક ક્ષમતાના કારણે લીડરશીપની જવાબદારી નિભાવવી પડે. ઈન્ટરવ્યુમાં સફળતા મળે. ઈનામ કે ભેટ મળી શકે છે. દલાલી, શિક્ષણ, ટેકનોલોજી, પ્રવાસને લગતાં કામમાં આવક વધશે. પરિવારની જવાબદારી આવવાથી દોડધામ વધશે. પ્રેમ પ્રકરણોમાં તથા સમાજ કે કૌટુંબિક સંબંધોમાં ભાવનાત્મક વ્યવહારથી બચવું. અચાનક નોકરીમાં ફેરફાર થાય.


**વૃષભ (બ,વ,ઉ):** ચાલુ વીકમાં લાગણીઓ પર કાબૂ રાખવો. કૌટુંબિક પ્રશ્નો સતાવશે. ઉઘરાણી આવે. સંતાનો માટે કડક નિર્ણય લેવાનું બને. પારિવારિક ધંધામાં આવક વધશે. શિક્ષણ ક્ષેત્રને લગતાં કામમાં પ્રગતિ થાય. પ્રોપર્ટી ખરીદવાના યોગ બને. ઘરમાં વડીલોના આરોગ્યના પ્રશ્નો, ખર્ચા અને દોડધામ વધશે. પ્રેમમાં પ્રપંચનો અનુભવ થાય. શેરબજારમાં માર્ગદર્શન મળે. સંતાન ચિંતા સતાવે.


**મિથુન (ક,છ,ઘ):** સપ્તાહ દરમિયાન આરોગ્ય સુધરે. નોકરીમાં નવી તક મળે. ચાલુ કામકાજમાં મદદ મળે. આવક વધારવાની તક મળે. ખાણી-પીણીના ધંધામાં આવક વધે. મહત્ત્વના નિર્ણયમાં માર્ગદર્શન લેવું. પ્રવાસમાં સાવધાની રાખવી. ટેકનોલોજી અને નવા સંશોધન ક્ષેત્રે પ્રગતિ થાય. વારસાના કામમાં વડીલોની મદદ મળે. નવાં ઘર, વાહનની યોજના બને. બહારનાં કામ થાય.


**કર્ક (ડ,હ):** ચાલુ વીકમાં દાન-પુણ્ય, ધાર્મિક પ્રવાસ વગેરેમાં ખર્ચા વધશે. આર્થિક બાબતે ચોક્કસ પ્લાનિંગ કરવું પડશે. અંગત જીવનમાં રસિક પ્રસંગનો અનુભવ થાય. કૌટુંબિક સંબંધોમાં સાવધાની રાખવી. પોતાનું કામ જાતે કરવું. કોઈની મદદ મળવી મુશ્કેલ છે. અચાનક સંતાનોના ખર્ચા વધશે. ઉઘરાણીની ચિંતા સતાવે. પ્રવાસ અને પર્યટનને લગતાં કામ થાય.


**સિંહ (મ,ટ,):** ચાલુ વીકમાં આર્થિક બાબતે પ્રગતિ થાય. આવક વધારવામાં મિત્રોની મદદ મળે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. કોઇ ઈનામ-ભેટ મળે. શેર બજારનાં કામ થાય. પ્રેમમાં અનુકૂળતા વધશે. પ્રવાસમાં અશાંતિ અને ખર્ચા વધશે. પડવા-વાગવાથી સાવધાન રહેવું. આરોગ્ય બાબતે ચોક્કસ નિદાન થાય. કુટુંબમાં પ્રપંચ જેવું વાતાવરણ રહે.


**કન્યા (પ,ઠ,ણ):** નોકરીમાં જવાબદારી વધે. માન-અપમાનની ભાવના પર કાબૂ રાખવો. ઉપરી વર્ગનો સાથ મળશે. આવક વધારવાની યોજનામાં કુટુંબનો સાથ મળે. અંગત સંબંધો રસિક બને. પણ ઈર્ષાળુથી સાવધાન. વિદ્યાર્થીઓને ઈનામ કે પરીક્ષામાં સફળતા મળે. શેરબજારમાં ધીરજ રાખવી. વિદેશનાં કામ થાય. કોઈની વાતોમાં આવવું નહીં. ધાર્મિક પ્રવાસ અને દાનપુણ્ય થાય.


**તુલા (ર,ત):** સપ્તાહ દરમિયાન નવા વાતાવરણમાં કામ કરવાનો મોકો મળે. નવું શીખવા મળે. વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિનો અનુભવ થાય. ધાર્મિક સાહિત્ય, લેખન, પ્રકાશન, વગેરેના કામમાં પ્રગતિ થાય. સરકારી નોકરીની તક મળે. સમાજ અને જાહેર જીવનમાં યશ મળે. વફાદાર મિત્રોનો સાથ મળે. ઈર્ષાળુથી નુકસાન થાય. પ્રેમમાં ગેરસમજ થાય. પડવા-વાગવાથી સાવધાન.


**વૃશ્ચિક (ન,ય):** ચાલુ વીકમાં આર્થિક બાબતે સંતુલન રાખવું પડશે. અચાનક બિનજરૂરી ખર્ચા આવી પડશે. નવું શીખવાની ઈચ્છા થાય. પરિવારનો સાથ મળે. વિદેશનાં કામમાં પ્રગતિ થાય. ધર્મ-કર્મ થાય. કાયદા-કાનૂન બાબતે મદદ મળે. ઉચ્ચ શિક્ષણમાં અનુકૂળતા થાય. જાહેર જીવનમાં સાવધાની રાખવી. સ્ત્રી વર્ગથી સાવધાન રહેવું. નવી પ્રોપર્ટીના યોગ બને. પ્રેમમાં ગેરસમજ.


**ધન (ભ,ધ,ફ,ઢ):** ચાલુ વીકમાં લાગણીઓ પર કાબૂ રાખવો. નવા કામની શરૂઆત થાય. કુટુંબ- પરિવારની ચિંતા સતાવે. ઉંમરલાયકના વિવાહમાં વિલંબ થાય. અચાનક શુભ સમાચાર મળે. કોર્ટ કચેરીમાં પ્રગતિ થાય. સરકારી કામ, વિલ-વારસો અને સેવાના કામમાં અનુકૂળતા રહેશે. આરોગ્યનું ધ્યાન રાખવું. પ્રેમ પ્રકરણમાં ધીરજ રાખવી. વિદેશના કામમાં ગતિ આવે. પ્રવાસ થાય.


**મકર (ખ,જ):** સપ્તાહ દરમિયાન સરકારી નોકરિયાતની જવાબદારી વધે. આરોગ્યની કાળજી રાખવી. માનસિક અશાંતિ વધે. નોકરી-ધંધામાં હરીફો પરેશાન કરે. ઉંમરલાયકના વિવાહ થાય. રોજના કામમાં પ્રગતિ થાય. આવક વધે. કોર્ટ-કચેરીમાં પ્રગતિ થાય. પડવા-વાગવાથી સાવધાન રહેવું. વિદેશથી શુભ સમાચાર મળે. ઉચ્ચ શિક્ષણમાં અનુકૂળતા થાય.


**કુંભ (ગ,સ,શ,ષ):** સપ્તાહ દરમિયાન શાંતિનો અનુભવ થાય તથા મનગમતાં લોકો, સ્નેહીઓ અને મિત્રોને મળવાનું બનશે. પ્રેમમાં સંબંધ મજબૂત થાય. શેર, સટ્ટા, લોટરી, વાયદામાં પ્રગતિ થાય. વિદ્યાર્થીઓને ટેકનોલોજીનો લાભ મળે. આર્થિક પ્રગતિ થાય. નવી જવાબદારી મળશે. માટે ધીરજથી કામ લેવું. નોકરીમાં પ્રમોશન થઈ શકે છે. વિજાતિય આવેગ પર કાબૂ રાખવો. દાંપત્યજીવનમાં તાલમેળ રાખવો પડશે.


**મીન (દ,ચ,ઝ,થ):** સપ્તાહ દરમિયાન આરોગ્યનું ખાસ ધ્યાન રાખવું તેમજ આર્થિક બાબતે પણ વ્યવહારુ બનવું પડશે. નવાં ઘર, વાહન, દુકાન, ઓફિસ વગેરેની યોજના બને. વારસા બાબતે પ્રગતિ થાય. નોકરી-ધંધાર્થે પ્રવાસ થાય. વિદ્યાર્થીઓને તક મળે. પ્રેમ-વિવાહની ઓફર આવી શકે છે. પ્રેમમાં વિશ્વાસ વધશે. પણ લાગણીઓને વશ થવું ભારે પડશે. શેરબજારમાં લાભ.

## સર્વ પિત્રી અમાવસ અને સૂર્યગ્રહણ

હાલમાં આખી દુનિયાએ બ્લડમૂનનો અદ્ભુત નજારો જોયો અને વૈજ્ઞાનિક દૃષ્ટિએ તેનાં પરિણામોનો અભ્યાસ પણ થયો અને જ્યોતિષની દૃષ્ટિએ નેપાળ જેવી ઘટનાએ નકારાત્મક ઊર્જાનો અનુભવ આખી દુનિયાને કરાવ્યો. ગ્રહણની મોટા ભાગે અસર રાજકીય ઘટનાઓ, કુદરતી આફતો, મહામારી, ઋતુ પ્રમાણેના વાતાવરણમાં ફેરફાર અને તેની પ્રાણીમાત્ર પર માઠી અસરના સ્વરૂપે ખાસ થતી હોય છે. વાતાવરણમાં અકલ્પનીય ફેરફારથી આખી માનવજાત લાચાર થઈને વિનાશથી ભયભીત થતી હોય છે. આપણે દુનિયાના દરેક ખૂણે ભયાનક વાતાવરણની અસરના સમાચાર જોઈને ભયભીત થઈને ઈશ્વર તરફ દોડીએ છીએ પણ વાતાવરણને વિનાશક બનાવવામાં માનવજાતનો મોટો ફાળો હોવાથી કુદરતની મદદ આપણને મળતી નથી. આખું બ્રહ્માંડ ગતિશીલ છે અને ગતિ ધ્વનિ પેદા કરે છે. સાથે સાથે ભ્રમણ કરતાં પદાર્થો-ગ્રહ-નક્ષત્ર-તારા કે અન્ય અવકાશીપિંડ તેમજ મનુષ્ય વડે અવકાશમાં છોડવામાં આવેલ યાનો એકબીજાના સંપર્કમાં આવે છે અને અમુક ચોક્કસ આકૃતિની રચના થોડા સમય માટે થતી હોય છે. તે આકૃતિમાંથી અવકાશી શક્તિઓનો ધ્વનિ પસાર થઈને પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. આ જ ધ્વનિ કે ઊર્જા પૃથ્વી કે વ્યક્તિગત પ્રાણી પર કાયમી અસર કરે છે, જે હકારાત્મક કે નકારાત્મક હોઈ શકે છે. માટે જ એક જ સમય એક સાથે જન્મેલાં બાળકોનું ભવિષ્ય એક સમાન હોતું નથી. કારણકે સેકન્ડના હજારમા ભાગમાં તો બ્રહ્માંડમાં અનેક ફેરફાર થયા છે. બીજી જ પળમાં ઊર્જા બદલાઈ જાય છે. માટે જ કુંડલીમાં સમય સ્થળનું મહત્ત્વ છે. રોજ પૃથ્વી પર અનેક ઘટનાઓ સારી અને ખરાબ ઘટે છે. તે આ ઊર્જાને આભારી છે અને વિજ્ઞાન તેનું સંશોધન કરીને પરિણામ મેળવે છે. ગ્રહણ જેવી કુદરતી ઘટનાની અસર તો ખાસ થાય છે. ગ્રહણ સમય ગ્રહો-નક્ષત્રોની સ્થિતિથી જે ધ્વનિ અને આકૃતિ રચાય છે અને જે તે સમયના વાતાવરણમાંથી પસાર થતાં કિરણો તે આકૃતિ અને ધ્વનિની અસર સાથે પૃથ્વીના વાતાવરણમાં પસાર થાય છે ત્યારે પૃથ્વીનું વાતાવરણ ચોક્કસ પ્રભાવિત થાય છે અને તેની અસર લાંબા સમય સુધી રહે છે. ગ્રહણ સમય સૂર્યનાં કિરણોની ગતિમાં અવરોધ આવે છે. સાથે તીવ્રતા પણ વધે છે. આ અસરયુક્ત કિરણો જુદા-જુદા રંગને જુદી-જુદી રીતે પ્રભાવિત કરે છે. અવકાશમાં ભ્રમણ કરતાં ગ્રહ નક્ષત્રમાં ચોક્કસ રંગ છે અને આની અસર પાંચ તત્ત્વો પર થાય છે. પ્રાણી માત્ર-પાંચ તત્ત્વનું બંધારણ છે. માટે તેનામાં ફેરફાર થાય છે. જે આંતરિક અને બાહ્ય સ્વરૂપે હોય છે. તાત્કાલિક રીતે આપણને તેની ખબર પડતી નથી પણ ધીરે ધીરે જે આપણામાં ફેરફાર આવે છે તે જોઈ શકાય છે. તે હકારાત્મક કે નકારાત્મક હોય છે. જે આપણાં આરોગ્ય, માનસિક, સાંસારિક, ધંધા-નોકરી અને સામાજિક વ્યવહારમાં ફેરફારથી અસર આપણને હતાશ કે ઉત્સાહિત કરે છે. કોઈ પણ ગ્રહણ જે રાશિ-નક્ષત્રમાં થતું હોય તેને સૌથી વધુ અસર કરે છે અને પૃથ્વી પર જ્યાં દેખાય છે તે ભૂમિ ભાગને પ્રભાવિત કરે છે અને જે તે દેશના રાજકારણને સૌથી વધુ પ્રભાવિત કરે છે. કારણકે રાજકારણમાં અલગ-અલગ નામધારી જાતકોની રાશિ પ્રભાવિત થાય છે અને તેઓ સત્તા સાથે જોડાયેલ હોવાથી પ્રજાને અસર કરનાર નિર્ણય લેતા હોય છે અને જ્યારે ગ્રહણનો પ્રભાવ નકારાત્મક રાશિ તરીકેનો હોય તો સત્તામાં રહેલ જાતકો છાકટા-અહંકાર, અવિવેકી અને અત્યાચારી બની જાય છે અને પ્રજાને યાતનાનો સામનો કરવો પડે છે. માટે જ ઘણી વખત વિદ્રોહના કારણે સત્તાપલટો થાય છે અને સાથે ખૂનામરકીથી જાનહાનિઓ પણ થાય છે. વર્ષમાં ચારથી- પાંચ સૂર્ય ચંદ્ર ગ્રહણ થતાં હોય છે અને ગ્રહણની અસર ગ્રહણના પહેલાંના ત્રણ માસ અને તે પછીના ત્રણ માસ રહે છે. એ રીતે મોટા ભાગે આખું વર્ષ અને તે પછી આવનાર વર્ષ પણ સૂર્ય- ગ્રહણના ગ્રહણોનું રહે છે. પણ ખાસ તો જે રાશિમાં થયું હોય તેને વધુ થાય પછી તે ગ્રહણ દેખાવાનું હોય કે ન હોય, પણ રાશિ નક્ષત્ર તો જરૂર અસરમાં આવે છે અને બીજા નંબરે જ્યાં દેખાય છે ત્યાં અસર કરે છે. આ વખતને સૂર્યગ્રહણ સર્વપિત્રી અમાવસના દિવસે કન્યા રાશિ અને ઊ.ફા.નક્ષત્રમાં થનાર છે માટે કન્યા રાશિ સૌથી પ્રભાવિત થશે. આપણા ભારત દેશમાં દેખાનાર નથી માટે તેની અસર ભારતીય ભૂખંડ પર ઓછી થશે અને સાથે આપણી પરંપરા પ્રમાણે સૂતક કે નિયમોનું પાલન પણ કરવાનું રહેશે નહીં. ભારતીય સમય પ્રમાણે રાત્રે 22:59 થી પ્રારંભ થશે અને વહેલી સવારે 27:23 કલાકે પૂર્ણ થશે. સામાન્ય રીતે સૂર્યગ્રહણના બાર કલાક પહેલાં સૂતક લાગે અને મોક્ષ પછી સૂતક પૂર્ણ થાય છે. તા. 21-09-2025 રવિવારના સૂર્ય ગ્રહણનું સૂતક ભારતમાં પાળવાનું નથી. પણ પિતૃઓની તૃપ્તિ માટે આ દિવસ ઘણો જ મહત્ત્વનો છે. પાંચ બલીકર્મ સાથે તર્પણ કરવું જોઈએ. પ્રથમ માપને પલાશના પાંદડામાં ભોજન કરાવવું. કૂતરાને પણ પાંદડા પર ભોજન કરાવવું. કાગડાઓને છત પર ભૂમિ પર રાખીને ભોજન કરાવવું. ચોથી બલી ઘરમાં દેવતા આપણા ઈષ્ટદેવને પણ પાંદડા પર આપવી અને પછી તે પ્રસાદ ઘરની બહાર પાંદડા સાથે રાખી દેવો અને પાંચમી બલી પીપળાના વૃક્ષની નીચે ભોજન રૂપે આપવું અથવા કીડી-મંકોડાના દર હોય ત્યાં ભોજન મૂકવું. આ રીતે આ ગ્રહણયુક્ત સર્વપિત્રી અમાવસે પાંચ પ્રકારની બલી સાથે પિતૃઓને તૃપ્ત કરવાં.

# કોંગ્રેસને ફરી ઉભી કરવા રાહુલ ગાંધી મેદાને, જુનાગઢમાં નેતાઓને પાઠ ભણાવ્યા



લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી તાજેતરમાં જુનાગઢ આવ્યા હતા. ગુજરાત કોંગ્રેસના નેતાઓનો 4 કલાક સુધી ક્લાસ લીધો હતો. જોકે તેમણે જુનાગઢમાં પણ ફરીથી વોટ ચોરીનો રાગ આલાપ્યો હતો. ગુજરાતમાં કોંગ્રેસને ફરી ઉભી કરવા માટે કોંગ્રેસ હાઈકમાન્ડે કમર કસી છે, જેના ભાગરૂપે જૂનાગઢની ભવનાથ તળેટીમાં શહેર-જિલ્લા કોંગ્રેસ પ્રમુખોની તાલીમ શિબિર યોજાઈ હતી. ત્યારે આજે(12 સપ્ટેમ્બરે) રાહુલ ગાંધીએ જુનાગઢ પ્રશિક્ષણ શિબિરમાં હાજરી આપી હતી. ભાજપના ગઢમાં ગાબડાં પાડવા રાહુલ ગાંધીએ 41 શહેર અને જિલ્લા પ્રમુખોના 4 કલાક ક્લાસ લીધા હતો. રાહુલ ગાંધીની મુલાકાત બાદ હવે અમરેલીના કોંગીના એક નેતાને તથા 9 જેટલા જિલ્લા પ્રમુખોને સંગઠનની જવાબદારીમાંથી પડતાં મૂકવાની વાતો કોંગ્રેસના આંતરીક વર્તુળોમાં વહેતી થઈ છે. ગુજરાતના જુનાગઢ પ્રવાસ દરમિયાન તેમણે મીડિયા સાથે વાત કરતા જણાવ્યું કે, "મણિપુરનો મુદ્દો લાંબા સમયથી ચાલી રહ્યો છે. પ્રધાનમંત્રી હવે ત્યાં જઈ રહ્યા છે તે સારું છે." તેમણે કહ્યું હતું કે દેશમાં મુખ્ય મુદ્દો "વોટ ચોરી"નો છે. તેમણે દાવો કરતા કહ્યું હતું કે હરિયાણા અને મહારાષ્ટ્રની વિધાનસભા ચૂંટણીમાં જનમત ચોરી કરવામાં આવી છે. ચૂંટણીમાં લોકોનો મેંડેટ ચોરી થયો છે. લોકો દરેક જગ્યાએ કહી રહ્યા છે કે 'વોટ ચોર'. તેઓ 18મી સપ્ટે. ફરીથી જુનાગઢ આવી રહ્યા છે. ગુજરાત પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં પ્રજાના પ્રશ્નોને લઇ કોંગ્રેસ મેદાને આવશે. ભાજપના ભ્રષ્ટાચાર યુકત શાસનથી પ્રજા ત્રસ્ત બની છે. આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં પણ કોંગ્રેસ જોમ અને જુસ્સા સાથે લડત આપશે.

### ભાજપમાં ગેંગવોર, કોંગ્રેસ છોડનારાઓની હાલત ખરાબ..!

મંત્રીપદની લાલચમાં કોંગ્રેસ છોડીને ભાજપમાં ગયેલા સીનિયર નેતાઓને હજુ સુધી માત્ર લોલીપોપ જ મળી. આ વચ્ચે ગુજરાત કોંગ્રેસના નવા પ્રમુખ અમિત ચાવડાએ પોતાના જૂના સાથીઓ પર નિશાન તાકતાં કટાક્ષ કર્યો હતો કે કોંગ્રેસે તેમને પદ આપ્યા, ઓળખ અપાવી, પરંતુ હવે તેમની હાલત સૌ કોઈ સામે સ્પષ્ટ છે



કારણ કે ભાજપ નવા મંત્રીમંડળની જાહેરાત અટકાવી રાખી રહ્યું છે. અમિત ચાવડાએ નામ લીધા વગર જ કડક શબ્દોમાં કહ્યું કે કોંગ્રેસે કેટલાંક નેતાઓને મોટા પદો આપી ઓળખ બનાવી હતી પરંતુ તેઓએ પક્ષ છોડીને ભાજપનો દામન પકડી લીધો, આજે તેમની સ્થિતિ ખરાબ થઈ ગઈ છે. સાથે જ તેમણે ભાજપની આંતરિક ગોઠવણ પર પણ તીખો પ્રહાર કર્યો અને કહ્યું કે ભાજપમાં ગેંગવોર જેવી સ્થિતિ છે, જૂથબંધી




અને આંતરિક લડાઈઓને કારણે સંગઠન નબળું પડી રહ્યું છે. ભાજપમાં મંત્રીમંડળ ફેરબદલ લટકતું ગાજર બની ગયું છે અને તેમાં કોંગ્રેસમાંથી ભાજપમાં ગયેલા નેતાઓના સપના ચકનાચૂર થયા છે. રાજકિય પંડિતો માને છે કે અમિત ચાવડાનું આ નિવેદન માત્ર કોંગ્રેસ છોડીને ગયેલા સીનિયર ધારાસભ્યો માટે નહીં પરંતુ સમગ્ર ભાજપને નિશાન બનાવી રહ્યું છે. એક તરફ ભાજપમાં મંત્રીમંડળના ફેરબદલની વાતો લટકતું ગાજર બની ગઈ છે, બીજી તરફ કોંગ્રેસ પોતાના નેતાઓને ફરી એકવાર સંદેશ આપી રહી છે કે પક્ષ છોડનારા માટે જગ્યા માત્ર રાજકિય હાંસિયામાં જ રહેવાની છે.

### ગુજરાત પર PM મોદી-અમિત શાહનું ફોક્સ - સતત પ્રવાસથી રાજકિય ગરમાવો



PM નરેન્દ્ર મોદી અને કેન્દ્રિય ગૃહમંત્રી અમીત શાહ કોઈક કારણોસર હવે ગુજરાતને એકલું મૂકવા માંગતા નથી. હજુ સુધી ગુજરાત ભાજપના નવા પ્રમુખની નિમણૂંક માટે ભાજપના હાઈકમાન્ડના દિલ્હી દરબારમાં લીલી ઝંડી મળતી નથી. હાલમાં તો શ્રાદ્ધ પક્ષનું કારણ આગળ ધરાયું છે. CM ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળના વિસ્તરણની વાતો આવતા ભાજપના કેટલાંય ધારાસભ્યોના મોંમાં પાણી આવી ગયું.... તેમ છતાં તેમાંયે મુદત પડી રહી છે. ભાજપમાં આંતરીક ડખ્ખાનું કારણ જે હોય તે, પરંતુ PM મોદી અને અમીત શાહ ગુજરાતને એકલું મૂકતા નથી. સતત ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. અમીત શાહે રવિવારે હિન્દી દિવસ 2025 અને પાંચમું અખિલ ભારતીય રાજભાષા સંમેલનમાં હાજરી આપી હતી. સરદારધામ આયોજિત અભિવાદન સમારોહ કાર્યક્રમ અને નારણપુરામાં બનાવવામાં આવેલું વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પલેક્સનું લોકાર્પણ તેમણે કર્યુ હતું. હવે 20મી સપ્ટે.એ PM મોદી ભાવનગરમાં આવી રહ્યા છે.

### ''અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનામાં પાયલટનો કોઈ વાંક ન હતો''

અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનામાં પીડિત પરિવારો દ્વારા અમેરિકાની કોર્ટ સમક્ષ વળતરની માંગ સાથે બોઈંગ કંપની પર કેસ કરી દીધો છે. અમદાવાદમાં 12 જૂને લંડન જઈ રહેલું એર ઈન્ડિયાનું વિમાન (AI-171) ઉડાન ભર્યાની 30 જ સેકન્ડમાં ક્રેશ થયું હતું જેમાં સવાર તમામ યાત્રીકોના મોત થયા હતા. આ પ્લેનક્રેશ દુર્ઘટનાના પીડિતોનો કેસ લડી રહેલા અમેરિકન વકીલે



ચોંકાવનારો દાવો કર્યો છે નવા પુરાવાઓ દર્શાવે છે કે વિમાનની પાણીની ટાંકીમાં લીકેજને કારણે શોર્ટ સર્કિટને કારણે આ અકસ્માત થયો હતો. વકીલે વિમાનના બ્લેક બોક્સનો ડેટા માંગ્યો છે. અમેરિકાના વકીલે દાવો કર્યો છે કે એર ઇન્ડિયાની વિમાન દુર્ઘટનામાં પાઇલટનો કોઈ વાંક નહોતો. એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાનો ભોગ બનેલા મોટાભાગના પરિવારોનો કેસ લડી રહેલા અમેરિકી વકીલ માઈક એન્ડ્રુઝે અમેરિકી કાયદા અંતર્ગત એક અરજી આપી છે, જેમાં વિમાન દુર્ઘટના સંબંધિત ઉડ્ડયન ડેટા રેકોર્ડર (FDR)ની જાણકારી દેવાની માંગ કરવામાં આવી છે. એન્ડ્રુઝે નવા પુરાવાઓના આધાર પર દાવો કર્યો છે કે પાણી લીક થવાને કારણે વિમાનમાં શોર્ટ સર્કિટ થયું હતું, પાયલટનો કોઈ વાંક ન હતો. માઈક એન્ડ્રુઝે દાવો કર્યો છે કે શોર્ટ સર્કિટને કારણે ઈંધણની સ્વિચ આપોઆપ બંધ થઈ શકે છે. અમેરિકન વકીલ માઈક એન્ડ્રુઝે પોતાના દાવાના સમર્થનમાં અમેરિકાના ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA)ની ફ્લાઈટ સૂચનાઓનો ઉલ્લેખ કર્યો છે. એન્ડ્રુઝ કહે છે કે 14 મે, 2025 ના રોજ ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન દ્વારા જારી કરાયેલા નિર્દેશોમાં કહેવામાં આવ્યું હતું કે વિમાનના વોટરલાઇન કપલિંગમાં પાણીના લીકેજના ઘણા કિસ્સાઓ નોંધાયા છે. સૂચનાઓમાં ચેતવણી આપવામાં આવી હતી કે પાણીના લીકેજથી વિમાનના ઇલેક્ટ્રોનિક સાધનોના ક્ષેત્રમાં ભેજ થઈ શકે છે. FAA અનુસાર, આ પાણીના લીકેજને કારણે ઇલેક્ટ્રોનિક ઉપકરણો ભીના થઈ શકે છે અને શોર્ટ સર્કિટનું કારણ બની શકે છે.

### નવરાત્રી આયોજનમાં અમદાવાદ તથા સુરત મનપાની આયોજકો માટે કડક શરતો

નવરાત્રી આવે તે પહેલા ગરબા પ્રેમીઓ આતુર છે, પરંતુ આ વખતે આયોજકો માટે નવરાત્રી વખતે વધુ કડક નિયમો લાગુ થયા છે. અમદાવાદ અને સુરત મનપાએ નવરાત્રી આયોજકોને નોટિસ આપીને નિયમોના કડક અમલીકારણ માટે આગ્રહ રાખ્યો છે. સુરત ફાયર વિભાગે નવરાત્રી આયોજકોને 30 મુદ્દાની નોટીસ આપીને સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો નિયમોનું પાલન નહીં થાય તો અકસ્માતની સંપૂર્ણ જવાબદારી માત્ર આયોજકોની જ રહેશે. સાથે જ નવો નિયમ મૂકાયો છે કે આયોજકોને 300 રૂપિયાના સ્ટેમ્પ પેપર પર સોગંદનામું આપવું પડશે કે જો ઘટના બને તો તે માટે તેઓ જ જવાબદાર રહેશે. અમદાવાદ મનપાએ પણ આયોજકોને કડક નિયમોનું પાલન કરવા કહી દીધું છે. જેમાં ફાયર સેફટીના અમલીકરણની વાત પહેલા કહી દીધી છે. ગરબા મંડપો માટે હવે અનેક કડક શરતો લાગુ કરાઈ છે–મંડપ સ્કૂલ, હોસ્પિટલ, ગોડાઉન કે જોખમી સ્થળોથી દૂર રાખવો ફરજિયાત, ઇલેક્ટ્રિક વાયરિંગ માત્ર પ્રમાણિત ઇજનેર પાસેથી ચકાસાવેલું હોવું જોઈએ, ફરજિયાત બે ઇમરજન્સી એક્ઝિટ હોવા જોઈએ, દરેક 100 ચો.મી. પર ફાયર એક્સટિંગ્વિઇશર મુકવા પડશે અને ઇમરજન્સી લાઇટિંગ સાથેની વ્યવસ્થા રાખવી પડશે. LPG સિલિન્ડર, ફટાકડા, રસોઈ સાધનો કે ખુલ્લી જ્યોતનો સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.

### ગોપાલ ઈટાલીયા ભેંસાણની મહિલાઓને લઈને પહોચ્યા વિધાનસભા

વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલીયાએ વિસાવદરની બહેનોને વિધાનસભાની મુલાકાત કરાવી હતી. ગોપાલ ઇટાલીયાએ ભેંસાણ તાલુકાના તમામ ગામમાંથી બહેનોને ગાંધીનગર પ્રવાસ કરાવ્યો. ગોપાલ ઇટાલિયાએ આ મામલે કહ્યું કે, બહેનોએ ખુબ જ જિજ્ઞાસાવશ વિધાનસભાનું આખું બિલ્ડીંગ, વિધાનસભાની કાર્યવાહી, પ્રક્રિયાઓ, કાયદા કેમ બને, પ્રશ્નો કેમ પૂછાય, કઈ ઓફિસ કયાં આવેલી છે વગેરે માહિતી જીણવટભરી રીતે મેળવી હતી. જ્યાં સમગ્ર ગુજરાતના નિર્ણય લેવાતા હોય અને લોકો માટે કામ



થતા હોય તે ભવ્ય સ્થળની મુલાકાત વિસાવદરની બહેનોને કરાવીને હું ધન્ય અનુભવું છું. વિસાવદરની બહેનોએ મને વિધાનસભામાં મોકલ્યો માટે આજે એ બહેનોને લઈને હું વિધાનસભામાં આવ્યો છું.

# ઓઢવના પાટીદાર બિલ્ડરની હત્યાની સોપારી અપાઈ હતી

**સોપારી** લઇને પાટીદાર અગ્રણીની હત્યા કરનાર ત્રણ ઝડપાયા

**લેઉવા** સમાજના અગ્રણીએ વિદ્યાર્થી માટે હોસ્ટેલ પણ બનાવી છે



અમદાવાદ : ગઈકાલે મોડી રાત્રે અમદાવાદ મહાનગર પાલિકાની પૂર્વ ઝોનની ઓફિસની સામેના ભાગે વિરાટનગર બ્રિજની નીચેથી સફેદ કલરની એક મર્સિડીઝ કારની ડિકીમાંથી પાટીદાર અગ્રણી- બિલ્ડર હિંમતભાઈ રૂડાણીની તિક્ષ્ણ હથિયાર મારી હત્યા કરેલી લાશ મળી આવી હતી. જો કે પોલીસે આ હત્યા કેસનો ભેદ ઉકેલીને ત્રણ આરોપીઓની રાજસ્થાનના સિરોહીથી ધરપકડ કરી લીધી છે. આ આરોપીઓની પુછપરછમાં આ જ વિસ્તારના અન્ય એક બિલ્ડર મનસુખ લખાણી ઉર્ફે જેકીની સંડોવણી ખૂલી છે. પોલીસે ઝડપી લીધેલા ત્રણ આરોપીઓમાં હિંમાશું ઉર્ફે રાહુલ હરીશભાઈ રાઠોડ (રહે.હિરાવાડી, ચાર રસ્તા અમદાવાદ), પપ્પુ હિરાજી મેઘવાલ (રહે.જાવલ શીરોહી) અને એક સગીરનો સમાવેશ થાય છે.

બિલ્ડર હિંમત રૂડાણીની હત્યા માટે ઝડપાયેલ 3 આરોપીને બિલ્ડર મનસુખ લાખાણી ઉર્ફે જેકીએ સોપારી આપી હતી. વર્ષ 2024 માં પણ મૃતક બિલ્ડરના હિંમત રૂડાણીના પુત્રએ બિલ્ડર આરોપી મનસુખ લખાણી ઉર્ફે જેકીના પુત્ર સામે દોઢ કરોડ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. આમ રૂપિયાની લેતીદેતીમાં અદાવત રાખીને સોપારી આપીને હત્યા કરાવાઈ હોવાની વિગતો બહાર આવી છે. પોલીસે સમગ્ર હત્યા કેસમાં મનસુખ લખાણી ઉર્ફે જેકીની પણ પુછપરછ શરૂ કરી છે.

ઓઢવ પોલીસ દ્વારા ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ તેમજ કોલ ડિટેઈલનાં આધારે વધુ તપાસ હાથ ધરાઈ હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, તેમની ગાડીના ડેકીમાં મૃતદેહ મૂકવામાં આવ્યો હતો. શરીર પર ચપ્પાના ઘા મારી હત્યા કરી હોય તેવા નિશાન મળ્યા છે. બિલ્ડર સવારે ઘરેથી કન્સ્ટ્રક્શન સાઈટ પર જવા નીકળ્યા હતા. 11 વાગ્યે મૃતકના દીકરાએ મૃતકને રિંગ રોડ પર પસાર થતા જોયા હતા. પૈસાની લેતી દેતીમાં હત્યા થઈ હોવાની પોલીસને શંકા છે. રામોલ, ઓઢવ અને નિકોલ પોલીસ સહિત 50 જેટલા પોલીસ કર્મીઓએ અને સીનીયર પોલીસ અધિકારીઓએ રાત દરમિયાન ઓપરેશન પાર પાડીને બનાસકાંઠા એલસીબી અને અમીરગઢ પોલીસની મદદથી આરોપીઓને ઝડપી લીધા હતા.મૃતક બિલ્ડર હિંમત રૂડાણી લેઉવા પાટીદાર સમાજના અગ્રણી છે. તેઓ કન્સ્ટ્રક્શનનો વ્યવસાય કરે છે. નરોડા અને નિકોલ વિસ્તારમાં તેમની કન્સ્ટ્રકશન સાઈટો ચાલે છે. ઠક્કરબાપાનગર બ્રિજ પાસે તેમણે પાટીદાર સમાજના બાળકો રહીને ભણી શકે તેના માટે હોસ્ટેલ છે.

# ખેડૂત સમાજ ખેડૂતોને ઊંધા ચશ્મા પહેરાવે છે

**ઓલપાડમાં** જાહેર મંચ પરથી વનમંત્રી મુકેશ પટેલ તાડુક્યા,

**'સર'**નો વિરોધ કરાવ્યો તો ધોલેરા લાભ ખાટી ગયું, નહેરી કેપેસિટી વધારવા મરામત માટે પાણી બંધ રાખવું જ પડશે

સાયણઃ ગુજરાત સરકારના વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલે ઓલપાડ ખાતેના એક જાહેર કાર્યક્રમમાં કાકરાપાર જમણા કાંઠાની નહેરમાં ૯૦ દિવસ સુધી સિંચાઈનું પાણી બંધ રહેશે એવું નિવેદન આપ્યું છે.સરકારના સિંચાઈ તંત્ર દ્વારા કાકરાપાર જમણા કાંઠાની નહેરની મરામત માટે ૯૦ દિવસ સુધી નહેરમાં સિંચાઈનું પાણી બંધ રાખવાનો નિર્ણય કરાયો છે. જો કે આ નિર્ણયથી સુરત જિલ્લાના માંડવી, ઓલપાડ, ચોર્યાસી, માંગરોળ સહિત હાંસોટ તાલુકાના ખેડૂતોની નારાજગીથી ગુજરાત ખેડૂત સમાજના નેતાઓએ વિરોધ કરી સરકારને ઘેરવા માટે ત્રણ દિવસ પહેલા ઓલપાડ ખાતે ખેડૂતો સાથેની મિટીંગમાં આ નિર્ણય રદ કરવા સરકારને અલ્ટીમેટમ આપી વિવિધ વિરોધના કાર્યક્રમો જાહેર કર્યા છે. ત્યારે વનમંત્રી મુકેશ પટેલના આ નિવેદનથી ગુજરાત ખેડૂત સમાજના નેતાઓ અને સરકાર આમને- સામને આવી ગયા છે. આજે તા. ૧૪મીના રવિવારે ઓલપાડ ખાતેના એક કાર્યક્રમમાં વનમંત્રી મુકેશ પટેલે જાહેર મંચ પરથી કહ્યું હતું કે, અગાઉના વર્ષમાં પણ ૯૦ દિવસ સુધી નહેર બંધ રાખવામાં હતી, ત્યારે પણ કોઈ ખેડૂતના પાકને નુકસાન થયું નથી. જેથી ખેડૂત સમાજ ખેડૂતોને ઊંધા ચશ્માં પહેરાવવાનું કામ કરી રહ્યો છે. આ ઉપરાંત ૨૦૧૩-૧૪માં પણ ખેડૂત સમાજે 'સર'નાં કાયદાનો ખેડૂતો પાસે વિરોધ કરાવી 'સર-સર' કરીને લોકોના શિર કાપી નાંખવાનો પ્રયાસ કર્યો હતો. જેના પગલે આપણા વિસ્તારમાંથી 'સર' રદ થતાં સુરતથી રદ થયેલું 'સર' ધોલેરા ગયું. જેના પગલે આજે ધોલેરામાં નંબર-૧નું એરપોર્ટ બનવા જઈ રહ્યું છે. તેમણે વધુમાં કહ્યું કે, ખેડૂતો માટે સિંચાઈ કેનાલનું પાણી તબક્કાવાર વહેવડાવાની હાલની ૨૪૫૦ની કેપેસિટી વધારીને ૩૬૫૦ સુધીની કરવા નહેરની મરામત કરવી જરૂરી છે.

## અનુસંધાન... પાના પહેલાનું

### ICMR દેશના ૫૦...

આપવાની વ્યવસ્થા મજબૂત બનાવશે. હાલમાં દેશમાં કોવિડ-૧૯ અને પોલીયો સર્વેલન્સ હેઠળ છે એમ તેમણે જણાવ્યું હતું. હવે સર્વોચ્ચ આરોગ્ય સંશોધન સંસ્થા અન્ય વાયરસો પર પણ દેખરેખ માટે એન્વાયરમેન્ટલ સર્વેલન્સ સ્થાપવા માટે કાર્ય કરી રહી છે જેમાં જમીન સપાટી પરના પાણી અને નિકાલ કરાતા ગંદા પાણીની ચકાસણીનો સમાવેશ થાય છે.

### પહેલગામ હુમલાના...

પીડિતોના પરિવારોની લાગણીઓ સાથે રમવા જેવું હશે. આશાવરીએ કહ્યું, ''જે લોકો રમવા માટે તૈયાર છે, જેઓ રમતનું આયોજન કરે છે, અને જેઓ આજે સાંજે પહેલગામ હુમલો, સૈનિકોના બલિદાન અને વર્ષોથી આવા અસંખ્ય હુમલાઓને ભૂલીને ઉત્સાહિત થશે તેમના માટે મને ખૂબ શરમ આવે છે.''

### પૂંચમાં મોટી...

જમ્મુના પોલીસ મહાનિરીક્ષક ભીમ સેન તુતીએ એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ''જેકેપી (જમ્મુ અને કાશ્મીર પોલીસ) દ્વારા શાનદાર તપાસ. દૃઢ નિશ્ચય અને અવિરત તપાસને કારણે પૂંચમાં ત્રણ આતંકવાદી સમર્થકોની ધરપકડ કરવામાં આવી છે. તેમની પાસેથી 7 એકે રાઇફલ (4 અગાઉ જપ્ત કરાયેલ) અને મોટી માત્રામાં યુદ્ધમાં વપરાતી સામગ્રી જપ્ત કરવામાં આવી છે.'' અધિકારીઓએ ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ રિયાઝ અહેમદ, તારિક શેખ અને મોહમ્મદ શફી તરીકે કરી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, અહેમદ અને શેખની ૩૧ ઓગસ્ટના રોજ બે એકે એસોલ્ટ રાઇફલ્સ સાથે ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે હવે શફીની ધરપકડ કરવામાં આવી છે અને તપાસના આધારે બાકીનાં હથિયારો જપ્ત કરવામાં આવ્યાં હતાં. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ ધરપકડ અને મોટી માત્રામાં હથિયારોની જપ્તીએ પ્રતિબંધિત હિઝબુલ મુજાહિદ્દીન સંગઠન દ્વારા સરહદી જિલ્લામાં આતંકવાદી પ્રવૃત્તિઓને પુનર્જીવિત કરવાના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો છે.

### શાહજહાંપુરમાં જીવતી...

ઉમેર્યું હતું કે, ત્યાર બાદ પોલીસની એક ટીમ ઘટનાસ્થળે પહોંચી અને બાળકીને બચાવી લીધી.
એસપીએ કહ્યું, ''બાળકી શ્વાસ લઈ રહી હતી અને તેને તાત્કાલિક સ્થાનિક સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવી, જ્યાંથી તેને વધુ સારી સારવાર માટે મેડિકલ કોલેજમાં રિફર કરવામાં આવી હતી.''
સરકારી મેડિકલ કોલેજના પ્રિન્સિપાલ રાજેશ કુમારે જણાવ્યું હતું કે, રવિવારે બપોરે બાળકીને ગંભીર હાલતમાં દાખલ કરવામાં આવી હતી. કુમારે કહ્યું, ''તેણીને આઈસીયુમાં રાખવામાં આવી છે અને તેની સંભાળ માટે એક સમર્પિત ડોક્ટરની નિમણૂક કરવામાં આવી છે. બાળકી લગભગ 15 દિવસની હોવાનો અંદાજ છે.'' એસપી દ્વિવેદીએ જણાવ્યું હતું કે, ''બાળકીનાં માતા-પિતાને શોધવા અને તેને દફનાવવા માટે જવાબદાર લોકોની ઓળખ કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે.''

### ભારત ક્રૂડ,...

કહ્યું કે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થાઓમાંની એક તરીકે ઉભરી રહ્યું છે પરંતુ દેશ ક્રૂડ ઓઈલ અને ગેસ માટે અન્ય દેશો પર નિર્ભર છે. તેને બદલવા માટે, આપણે આપણી ઉર્જા જરૂરિયાતોને પૂર્ણ કરવાના પગલાં પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. સરકાર તેલ સંશોધન અને ગ્રીન ઉર્જા ઉત્પાદન પર કામ કરી રહી છે એવું તેમણે કહ્યું હતું.
મોદીએ કહ્યું કે ઈથેનોલ ઉર્જાનો એક મુખ્ય વૈકલ્પિક સ્ત્રોત છે અને નુમાલીગઢમાં નવા બનેલા બાયોઈથેનોલ પ્લાન્ટથી ખેડૂતો અને આદિવાસીઓને ઘણો ફાયદો થશે. તેમણે કહ્યું કે પોલીપ્રોપીલીન પ્લાન્ટ સ્થાનિક અર્થતંત્રને ઘણો ફાયદો કરાવશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે ઊર્જા અને સેમિકન્ડક્ટર 'આત્મનિર્ભર ભારત'ના ધ્યેયને આગળ ધપાવવાના બે મુખ્ય પરિબળો છે. તેમણે ભાર મૂક્યો કે આ બંને ક્ષેત્રોમાં આસામની મહત્વપૂર્ણ ભૂમિકા છે.

### કોંગ્રેસ પાકિસ્તાને...

હતું કે ભાજપ ઘુસણખોરોને જમીન કબજે કરવા અને વસ્તી વિષયક સ્થિતિ બદલવાનું કાવતરું કરવા દેશે નહીં. કોંગ્રેસ, ભારતીય સેનાને ટેકો આપવાને બદલે, પાકિસ્તાન દ્વારા તૈયાર કરાયેલા આતંકવાદીઓને ટેકો આપે છે. 'ઓપરેશન સિંદૂર' દરમિયાન, કોંગ્રેસ, પાકિસ્તાનમાં આતંકવાદી માળખાનો નાશ કરનાર આપણા સશસ્ત્ર દળોને ટેકો આપવાને બદલે, ઘુસણખોરો અને રાષ્ટ્રવિરોધી શક્તિઓને રક્ષણ આપવામાં રોકાયેલી હતી એમ આ જાહેર સભાને સંબોધતા વડાપ્રધાને આક્ષેપ કર્યો હતો.

### વક્ફ ખરડા મામલે...

મિલકતોને ડિનોટિફાઈ કરવાની સત્તા સાથે સંબંધિત છે. વચગાળાનો આદેશ અનામત રાખતા પહેલા બેન્ચે સુધારેલા વક્ફ કાયદાને પડકારનારાઓ તરફથી હાજર રહેલા વકીલો અને કેન્દ્રનું પ્રતિનિધિત્વ કરતા સોલિસિટર જનરલ તુષાર મહેતાની દલીલો સતત ત્રણ દિવસ સાંભળી હતી.
બેન્ચે અગાઉ ત્રણ મુદ્દાઓ ઓળખ્યા હતા, જેના પર અરજદારો દ્વારા વચગાળાના આદેશો પસાર કરવા માટે સ્ટે માંગવામાં આવ્યો હતો.
ડિનોટિફિકેશનના મુદ્દા ઉપરાંત, અરજદારોએ રાજ્ય વક્ફ બોર્ડ અને સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલની રચના પર પણ પ્રશ્નો ઉઠાવ્યા છે, જ્યાં તેઓ દલીલ કરે છે કે, પદાધિકારી સભ્યો સિવાય ફક્ત મુસ્લિમોએ જ કાર્ય કરવું જોઈએ.ત્રીજો મુદ્દો એવી જોગવાઈ સાથે સંબંધિત છે જેમાં કહેવામાં આવ્યું છે કે, જ્યારે કલેક્ટર મિલકત સરકારી જમીન છે કે નહીં તે નક્કી કરવા માટે તપાસ કરે ત્યારે વક્ફ મિલકતને વક્ફ ગણવામાં આવશે નહીં.

### ઉત્તર-પૂર્વી ભારત,...

દુકાનોમાંથી બહાર નીકળતા જોવા મળ્યા હતા. ઉત્તરપૂર્વીય રાજ્યો ઉચ્ચ ભૂકંપ ક્ષેત્રમાં આવે છે, અને આ પ્રદેશમાં વારંવાર ભૂકંપ આવે છે. પશ્ચિમ બંગાળના એક અહેવાલમાં જણાવાયું છે કે ઉત્તર બંગાળના કેટલાક ભાગો - સિલિગુડી, જલપાઈગુડી, કૂચબિહારમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. કેટલાક લોકોએ શંખ પણ વગાડ્યા, જે ભૂકંપની અસરોને ઓછી કરવા માટે માનવામાં આવે છે.